ગાંધીનગર સમાચાર



# ભાજપ-કોંગ્રેસમાં ૭-૭ ઉમેદવારો ધો-૧૨ પાસ

## ધો. ૫ પાસ ભાજપ-કોંગ્રેસમાં એક-એક ઉમેદવાર છે : ૧૬ સ્નાતક સુધી ભણેલા ઉમેદવારો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો જંગ ધીમી ગતિએ હાલ આગળ વધી રહ્યો છે. આ જંગમાં ચાર રાષ્ટ્રીય પક્ષ ઉપરાંત લોક વિકાસ મંચ તેમજ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે.

ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોની પ્રાપ્ત થયેલ વિગતો પ્રમાણે આ બન્ને પક્ષના ૬૪ ઉમેદવારો પૈકી બે ઉમેદવારો ધો. ૫ પાસ કરેલા છે. ભાજપ અને કોંગ્રેસ બન્નેમાં એક-એક ઉમેદવાર આટલુ ભણેલા જણાયા છે.

શૈક્ષણિક લાયકાત અંગેના નિકળેલા તારણ મુજબ ધો. ૮ પાસ ભાજપમાં ૨ ઉમેદવાર છે તો કોંગ્રેસમાં ૩ ઉમેદવારો આ શૈક્ષણિક લાયકાત ધરાવે છે.

ધો. ૧૦ પાસ ઉમેદવારો ભાજપમાં ૯ છે તો કોંગ્રેસમાં ૮ ઉમેદવારો છે. ધો. ૧૨ની પરીક્ષા પાસ કરી હોય તેવા ભાજપ કોંગ્રેસમાં ૭-૭ ઉમેદવારો છે.

સ્નાતકની ડિગ્રી ધરાવતા હોય તેવા ભાજપમાં ૧૦ ઉમેદવારો છે તો કોંગ્રેસમાં ૬ ઉમેદવારો છે. સ્નાતક કે તેથી ઉપરનો અભ્યાસ અથવા અન્ય ડીગ્રી ધરાવતા ભાજપમાં ત્રણ ઉમેદવારો છે તો કોંગ્રેસમાં ૨ ઉમેદવારો છે.

જો કે સ્થાનિક સ્વરાજ્યના આ ચૂંટણી જંગમાં લગભગ તમામ ઉમેદવારો ભણેલા જણાયા છે.

# ઉનાળો આકરો : પારો ૪૦.૮ ડીગ્રી

## અંગ દઝાડતી ગરમીના લીધે શહેરમાં રજાના દિવસે સન્નાટો છવાયેલો રહયો. શહેરના જનજીવન સાથે સેકટરોમાં ચુંટણી પ્રચારની કામગીરી પણ પ્રભાવિત

ગાંધીનગર તા ૧૫

શહેરમાં ચુંટણી ચકરાવો વચ્ચે રાજકીય માહોલ ગરમાયો છે. ત્યારે મોસમે પણ તેનો અસલ મિજાજ બતાવી દીધો છે. ગરમીનો પારો આજે ૧ ડીગ્રી વધતા મહત્તમ તાપમાન ૪૦.૮ ડી ગ્રી નોંધાયુ હતુ. દિવસની અસહ્ય ગરમીના લીધે નગરમાં રજાના દિવસે સન્નાટો જોવા મળ્યો હતો.આકરી ગરમીના લીધે ચુંટણી પ્રચારની કામગીરી પણ પ્રભાવિત થઈ હતી. સેકટરોમાં ગરમીના લીધે દિવસ દરમિયાન સન્નાટો જોવા મળ્યો હતો. ગરમીના તિખા તેવરથી શહેરીજનો અંગ દઝાડતી ગરમીથી તોબા પોકારી ગયા હતા. આજે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી.

શહેરમાં મહાનગરપાલિકાની ચુંટણીના લીધે રાજકીય ગરમાવો જોવા મળી રહયો છે. ત્યારે તાપમાનનો પારો પણ ઉંચો આવતા ઉનાળાની મોસમ પણ નિખરી છે. છેલ્લા બે દિવસમાં ગરમીનો પારો ૨ ડીગ્રી વધતા નગરજનો આકરી ગરમી અનુભવી રહયા છે. આજે પણ મહત્તમ તાપમાન ૧ ડીગ્રી વધતા ગરમીનો પારો ૪૦.૮ ડીગ્રી પહોંચ્યો હતો. ગરમી ઉગ્ર બનતા આકાશમાંથી જાણે અગ્નજવાળ વરસી હતી. અંગ દઝાડતી ગરમીથી બચવા માટે નાગરિકો મોથે ટોપી અને મોઢે રૂમાલ બાંધીને જતા નજરે પડયા હતા. ગરમી ઉગ્ર બનતા બપોરનો તાપ આકરો બન્યો હતો. બપોરના સમયે સેકટરોના આંતરિક માર્ગ પર સુનકાર પ્રવર્તયો હતો. રજાના દિવસે ગરમીના આકરા મિજાજથી શહેરના જનજીવનમાં પણ ખાલીપો જોવા મળ્યો હતો.સેકટરોમાં ચુંટણી પ્રચાર કરતા ઉમેદવારો અને સમર્થકો પણ અસહ્ય ગરમીથી આકુળ વ્યાકુળ જોવા મળ્યા હતા. જયારે બપોરના સમયે ચુંટણી પ્રચારના કાર્યાલયો

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ચૂંટણી પંચ દ્વારા ખાસ સમીક્ષા બેઠક

## ૭૫૬ ઈ.વોટર્સ નોંધાયા : છેલ્લા દિવસે ૧૩૯ અરજદારોનું રજીસ્ટ્રેશન થયુ

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય ચૂંટણી પંચે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીની ચાલી રહેલી તૈયારીઓ સહિતની સમીક્ષા માટે જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક રાખી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી અંગે પંચ આ વખતે સતત સતર્ક રહી અને તંત્ર સીધા માર્ગદર્શન તળે આ ચૂંટણી યોજી રહ્યું છે.

આ બેઠકમાં ઓનલાઈન વોટીંગ સિસ્ટમમાં રજીસ્ટર્ડ થયેલા મતદારો અંગેની કામગીરી, મતદારયાદીની માર્ક કોપી તૈયાર કરવા અંગેનું માર્ગદર્શન આજની બેઠકમાં પંચ દ્વારા આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. આ વખતે શહેરમાં ૭૫૬ ઈ.વોટર્સ નોંધાયા છે. ગઈકાલે આ અભિયાનમાં રજીસ્ટ્રેશન માટેનો છેલ્લો દિવસ હતો અને છેલ્લા દિવસે ૧૩૯ જેટલી અરજીઓ તંત્રને મળી છે. મળતી વિગતો પ્રમાણે ૧૮મી સુધીમાં તંત્ર દ્વારા વેરીફીકેશનની કામગીરી સંપન્ન કરી આખી યાદી ચૂંટણી અધિકારીઓને સુપ્રત કરી દેવામાં આવશે.

આ બેઠકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, ઈ.વી.એમ. અંગે લોક જાગૃતિ અભિયાન તેમજ રાજકીય પક્ષો સાથે યોજાયેલ પરામર્શ બેઠકમાં રજુ થયેલા મુદ્દાઓ સહિતની ચર્ચાઓ કરવામાં આવશે.

શહેરમાં હિટવેવના વધતા જતા પ્રભાવ અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવે તેવી શક્યતાઓ છે. આમ તો મતદાન રવિવારે છે

● અનુસંધાન પાન-૭ પર

# ૧૧૯ હથિયાર ધારકોએ હથિયાર જમા કરાવી દીધા છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં મહાનગરપાલિકાની યોજાનાર ચૂંટણીને પગલે ૧૧૯ જેટલા પરવાનેદાર હથિયારધારકોએ તેમના હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દીધા છે.

જિલ્લા કલેક્ટરે હથિયારો જમા કરાવી દેવા અંગેના બહાર પાડેલા જાહેરનામાને પગલે આ હથિયારો જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના થાય છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટે પોલીસતંત્ર ચાંપતી નજર રાખી રહ્યું છે.

શહેરમાં પોલીસે ચૂંટણીને ધ્યાને રાખી ૧૦૦ જેટલા શખ્સો સામે અટકાયતી પગલાં લઈ તેમને જામીન પર મુક્ત કર્યા છે. શહેરની ચૂંટણીને પગલે પોલીસ તંત્ર હરકતમાં આવી ગયુ છે અને તેણે રાત્રિ પેટ્રોલિંગમાં પણ વધારો કર્યો છે.

ઉનાળાની ગરમીને કારણે રાત્રિ બેઠકો વધુ થઈ રહી હોવાથી તંત્ર પણ સતર્ક બન્યુ છે અને કોઈ અનિચ્છનીય ઘટનાઓ ન બને તેના પર સંપૂર્ણ બારીકાઈથી નજર રાખી રહેલ છે.

# ગુજરાત ડીજીપી પીસી ઠાકુર ફાયર સર્વિસ ચીફ નિમાયા

## કેન્દ્રમાં પીસી ઠાકુરની નિમણૂંક કરવામાં આવતા નવા ડીજીપી તરીકે ગીતા જોહરીના નામ પર ચર્ચા તીવ્ર બની

અમદાવાદ, તા.૧૫

ગુજરાત પોલીસના વડા પીસી ઠાકુરને કેન્દ્રમાં ખસેડી લેવામાં આવ્યા છે. તેમને કેન્દ્રમાં ફાયર સર્વિસ, સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના ડીજીપી બનાવી દેવામાં આવ્યા છે. ઠાકુર ગુજરાત કેડરની ૧૯૭૯ની બેંચના આઈપીએસ ઓફિસર છે. આ સંદર્ભમાં આદેશ જારી કરવામાં આવી ચુક્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમા કેબિનેટની નિમણૂંક કમિટિએ ડિરેક્ટર જનરલ તરીકે ઠાકુરની નિમણૂંકને મંજુરી આપી છે. તેઓ ડિસેમ્બર ૨૦૧૩માં ગુજરાતમાં ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ તરીકે નિમાયા હતા. ડિરેક્ટર જનરલ ઓફ સિવિલ ડિફેન્સની રચના વર્ષ ૧૯૬૨માં કેન્દ્રીય ગૃહમંત્રાલયમાં કરવામાં આવી હતી. નાગરિક સંરક્ષણ સાથે સંબંધિત યોજનાકીય મામલાઓ અને તમામ પોલિસીને હાથ ધરવા માટે આની નિમણૂંક કરાઈ હતી. આ ઉપરાંત હોમગાર્ડ અને ફાયર સર્વિસમાં પણ નજર રખાશે. ૧૯૭૭ની બેચના આઈપીએસ અમિતાભ પાઠકના નિધન બાદ ડિસેમ્બર ૨૦૧૩માં ૧૯૭૯ બેચના આઈપીએસ પી સી

● અનુસંધાન પાન-૭ પર




# શહેરમાં સુકાયેલા વૃક્ષો દુર કરવા અભિયાન

## ચોમાસા પુર્વે ભયજનક વૃક્ષો જમીનદોસ્ત કરાશે : નવા રોપાઓની વાવણી માટે ખાડા ખોદાયા બાદ ભયજનક વૃક્ષો દુર કરવા વન તંત્રની ટીમ કામે લાગી

ગાંધીનગર તા ૧૫

શહેરમાં ગત જુલાઈ માસ દરમિયાન ભારે વરસાદમાં સેંકડો વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. જયારે વૃક્ષો દુર કરવાના અભિયાનના અંતે સેકટરોમાં ભયજનક વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ આ સ્થિતિને ધ્યાને લઈ વન તંત્ર દ્વારા સુકાયેલા વૃક્ષો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરમાં સુકાયેલા વૃક્ષોની સંખ્યા ૧૫૦ થી પણ વધુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આગામી ચોમાસા પુર્વે તંત્ર દ્વારા વૃક્ષો દુર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

શહેરમાં ગત જુલાઈ દરમિયાન તોફાની વરસાદમાં સેકટરોમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થયેલા જોવા મળ્યા હતા. સેકટરોમાં આડશ બનેલા વૃક્ષો દુર કરવામાં પણ વનતંત્રને આંખે પાણી આવી ગયા હતા. શહેરમાં મુખ્ય માર્ગો તેમજ આંતરિક વિસ્તારોમાં વૃક્ષોની વનરાજી જોવા મળે છે. જયારે આ પૈકી ઘણાંખરા વૃક્ષો નમી પડેલી ભયજનક હાલતમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. બીજીતરફ સુકાયેલા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. વનતંત્ર દ્વારા શહેરમાં સુકાયેલા વૃક્ષો દુર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. અગાઉ તંત્ર દ્વારા સેકટરોમાં સુકાયેલા વૃક્ષો દુર કરવા માટે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જયારે સર્વેના અંતે સેકટરોમાં સ્થિત સુકાયેલા વૃક્ષોને માર્કીંગ કરવામાં આવ્યુ હતુ.

હાલ સુકાયેલા વૃક્ષો કાપવા માટે વનતંત્રની ટીમ કામે લાગી છે. આજે પથિકાશ્રમ પાસેથી પણ સુકાયેલા વૃક્ષો દુર કરવામાં આવ્યા હતા. ચોમાસાના દિવસો નજીકમાં છે. ત્યારે આ પુર્વે તંત્ર દ્વારા સુકાયેલા વૃક્ષો દુર કરવાનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. બીજીતરફ ચોમાસા પુર્વે વાવેતર માટે ખાડા પણ કરી દેવામાં આવ્યા છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ આંતરિક વિસ્તારમાં વૃક્ષોના વાવેતર માટે ખાડા કરી દેવાયા છે. ચોમાસા દરમિયાન શહેરમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવશે.



(તસવીર : કશ્યપ નિમાવત)




સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડીયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
શ્રી ગાયત્રી વોચ કંપની
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, ગાંધીનગર. મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com